ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લામાં સતત બીજા વર્ષે વરસાદમાં ૫ ટકા ઘટ

**ગાંધીનગરમાં ૨૩ ટકા તો માણસામાં ૧૫ ટકા ઘટ : દહેગામમમાં ૧૦૬ ટકા તો કલોલમાં ૧૦૫ ટકા વરસાદ નોંધાયો : ખંડીયવૃષ્ટિ અને વરસાદી દિવસોમાં વૃદ્ધિ સાથે ચોમાસાની આજે વિધિવત વિદાય થઈ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદની પાંચ ટકા ઘટ સાથે આજે સરકારી ચોપડા મુજબ ચોમાસુ પૂર્ણ થયુ છે. જો કે ચોમાસાની વિદાય ચાલી રહી હોવાનું તંત્ર કહી રહ્યુ છે. જિલ્લામાં ગત વર્ષે ૨૧ ટકા જેટલી ઘટ નોંધાઈ હતી, આ વર્ષે પાંચ ટકા ઘટ નોંધાઈ છ આમ સતત બે વર્ષ વરસાદની ઘટ રહેવા પામી છે.

જિલ્લામાં ચોમાસાની આ સિઝનમાં સરેરાશ ૭૨૬ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં વરસાદની સૌથી વધુ ઘટ ગાંધીનગર તાલુકામાં ૨૩ ટકા અને માણસા તાલુકામાં ૧૫ ટકા જેટલી રહી છે. દહેગામ અને કલોલ તાલુકામાં સિઝનનો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. દહેગામમાં ૧૦૬ ટકા અને કલોલમાં ૧૦૫ ટકા વરસાદ નોંધાયો છે.

દહેગામ તાલુકામાં સિઝનની સરેરાશ ૭૯૦ મી.મી. વરસાદ સામે ૮૪૪ મી.મી. વરસાદ અને કલોલમાં ૭૮૪ મી.મી. સામે ૮૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૭૧૧ મી.મી.ની સામે ૫૫૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે માણસામાં ૭૯૨ મી.મી. સામે ૫૭૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ગાંધીનગર માણસામાં વરસાદની ઘટ રહી છે જેની અસરો કૃષિ ઉત્પાદન પર પણ આગામી દિવસોમાં જોવા મળી શકે છે તેવો ભય ખેડૂત આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખરીફ વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો

**માણસા, દહેગામમાં ૧૦૦ ટકા વાવેતર થયુ તો કલોલમાં ૬૫ ટકા અને ગાંધીનગરમાં ૯૬ ટકા વાવેતર થયુ : બે હજાર હેક્ટરમાં વાવેતર ઘટ્યુ**

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લામાં વરસાદી પેટર્નના બદલાવ સાથે ખરીફ વાવણીના વિસ્તારમાં પણ આ વર્ષે ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં ગત વર્ષની તુલનામાં બે હજાર હેક્ટરમાં ઓછુ વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં સામાન્યતઃ ૧,૨૯,૫૭૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર ખરીફ સિઝન દરમ્યાન નોંધાતુ હોય છે પણ આ વર્ષે જિલ્લામાં ૧,૨૭,૮૩૫ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર નોંધાયુ છે. ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો ૨ ટકા જેટલો વાવેતર વિસ્તાર ઘટ્યો છે.

જિલ્લામાં આ વખતે વરસાદી પેટર્નના બદલાવની સાથે સાથે પાક પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે. તેલિબિયા પાકોના વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે જ્યારે દિવેલા અને કપાસ તેમજ અન્ય પરંપરાગત પાકોના વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે.

ડાંગર અને શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં સરેરાશ જળવાઈ રહેવા પામી છે. ગુવારના તેમજ ઘાસચારાના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

કઠોળ પાકોમાં સરેરાશ વાવેતર જણાયુ છે. જિલ્લામાં કપાસ અને દિવેલાના પાકમાં જે ઘટાડો

● અનુસંધાન પાન-૭ પર

**વરસાદી દિવસોના અંતે**

# સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરતા હવે લોખંડના સળિયા દેખાયા

**શહેરમાં ત્રણ તબક્કામાં નિર્માણ કરાયેલા વિવિધ કક્ષાના મકાનો પૈકી મોટાભાગના પાંચ દાયકા જુના છે : અલબત્ત ઘણાં ખરા આવાસોની સમય મર્યાદા પુર્ણ થઇ ગઇ છે : ચોમાસાના અંતે દિવાલોમાંથી ભેજ ઉતરવાની સાથે છતમાંથી પોપડા ખરતા હોવાની ફરિયાદો વધુ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો ૫૦ વર્ષ જુના છે. અલબત્ત ત્રણ તબક્કામાં મકાનો તૈયાર કરાયા છે. જયારે ૧૯૭૦ થી ૯૦ ના દાયકામાં તબક્કાવાર જુદી જુદી કક્ષાના આવાસો બાંધવામાં આવ્યા છે. ત્યારે દાયકાઓના અંતે હાલમાં પણ આ મકાનોમાં રહીશોનો વસવાટ છે. પરંતુ ચોમાસા બાદ વસાહતીઓની તકલીફ વધી છે. દિવાલોમાંથી સતત ભેજ ઉતરવાની સાથે પોપડા ખરે છે. સરકારી આવાસોના છતમાંથી પોપડા ખરતા લોખંડના સળિયા દેખાય છે. આ સ્થિતિ વચ્ચે જુના અને જોખમી આવાસો ઝડપથી ખાલી કરી નવા આવાસો બાંધવાનુ કામ પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો હવે પાંચ દાયકાના અંતે જોખમી સ્થિતિમાં છે. શહેરમાં રહેણાંકને લાયક મકાનો રહ્યા નથી. ત્યારે બીજીતરફ જર્જરિત આવાસોને તોડીને નવા મકાનો બાંધવા માટેની યોજના પણ હાથ ધરવામાં આવી છે. પરંતુ વરસાદી દિવસોના અંતે હાલ સરકારી આવાસોમાં રહેતા પરિવારોની તકલીફમાં વધારો થયો છે. ચોમાસા દરમિયાન સરકારી આવાસોની દિવાલમાંથી ભેજ ન ઉતરે તે માટે તંત્ર દ્વારા દરવર્ષે પ્રિમોન્સુન પ્લાન અન્વયે આવાસોના ધાબાની સફાઈ તેમજ વરસાદી પાણીના નિકાલની લાઈન સાફ કરવામાં આવે છે. પરંતુ વર્ષો જુના મકાનોમાં પાણી લીકેજીસની સમસ્યા વધતી જાય

● અનુસંધાન પાન-૭ પર



મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે... જેવા પરંપરાગત ગરબાથી લઈને મોતી વેરાણા ચોકમાં... આવ્યા અંબે મા... જેવા અર્વાચીન ગરબાના તાલે જાણે આખે આખુ ગાંધીનગર ઝુમી રહ્યુ હતુ. નવરાત્રી મહોત્સવ જાણે પુરબહારમાં ખીલ્યો છે. નાના નાના શેરી ગરબા, સમાજની વાડીઓ, ફ્લેટ્સ-એપાર્ટમેન્ટના કોમન ચોક અને પાર્ટી પ્લોટ્સ તમામ સ્થળો ખેલૈયાઓથી ભરચક રહ્યા છે. નાના બાળકોથી લઈને મોટેરાઓ નવરાત્રીના આ અદ્ભૂત મહોત્સવનો લ્હાવો લઈ રહ્યા છે. કોરોનાનો ડર હવે ખતમ થઈ ગયો હોવાથી મોડી રાત સુધી ખેલૈયાઓ ગરબે ઘુમે છે. ન્યુ ગાંધીનગરમાં સમાયેલા કુડાસણ વિસ્તારની એકે એક સોસાયટીઓમાં ગરબા યોજાઈ રહ્યા છે. જ્યારે સેક્ટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ મંદિર અને સેક્ટર-૫-બીમાં ખેલૈયાઓની ભારે ભીડ જોવા મળે છે.

# કુડાસણમાં શ્યામા પ્રસાદ મુખર્જી નગરમાં દસ્તાવેજ ન કરાવનાર ૩૯૫ લાભાર્થીઓને નોટીસ અપાશે

**અત્યાર સુધીમાં માત્ર ૮૩ લાભાર્થીઓએ જ દસ્તાવેજ કરાવ્યો છે : આવાસોની ફાળવણી બાદ લાભાર્થીઓ દસ્તાવેજ કરાવામાં ઉદાસીનતા સેવતા ગુડાનુ તંત્ર હરકતમાં આવ્યુ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એમઆઈ જી આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. ગુડા દ્વારા કુડાસણમાં એમ આઈ જી આવાસો તૈયાર કરાયા હતા જયારે ૪૮૦ જેટલા મકાનોની ડ્રો ના આધારે ફાળવણી કરવામાં આવી હતી લાભાર્થીઓને કબજો પણ સોપી દેવાયો હતો પરંતુ લાભાર્થીઓ દ્વારા દસ્તાવેજ કરવામાં આદાસનીનતા દાખવવામાં આવતા ગુડાએ મકાન માલિકોને નોટીસ આપવાની તૈયારી કરી છે. કુડાસણના શ્યામા પ્રસાદ મુખર્જી નગરમાં આવાસોની ફાળવણીના અંતે અત્યાર સુધી માત્ર ૮૩ લાભાર્થીઓએ જ દસ્તાવેજ કરાવ્યો છે.

નવરાતના પર્વ દરમિયાન આવાસોના મામલે ૮૩ લાભાર્થીઓ દ્વારા દસ્તાવેજની પ્રકીયા પુર્ણ કરવામાં આવી છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર કુડાસણમાં એમ આઈ જી આવાસ યોજનાને શ્યામા પ્રસાદ મુખર્જી નગર નામ આપવામાં આવ્યુ છે. આ આવાસ યોજના અન્વયે ગત જુન ૨૦૨૨ માં ડ્રો કરવામાં આવ્યો હતો. જેના અંતે લાભાર્થીઓને આવાસનો કબજો પણ સોંપી દેવાયો હતો. લાભાર્થીઓએ દસ્તાવેજની પ્રકીયા કરવાની બાકી રહેતી હોવાછતા આ મામલે ભારે ઉદાસીનતા સેવાઈ રહી છે. આવાસોને અનુલક્ષી દસ્તાવેજની નોંધણી ન થતા સરકારને મળવાપાત્ર આવક પણ થતી નથી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ માટે સોસાયટીની સંભાળ માટેની જવાબદારી સોંપવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં આવાસનો કબજો સંભાળી લેનારા લાભાર્થીઓને દસ્તાવેજ કરાવી લેવા માટે અગાઉ તાકીદ પણ કરવામાં આવી હતી જયારે ગુડા દ્વારા પત્રોના માધ્યમથી જાણ પણ કરવામાં આવી હતી ગુડાની કચેરીએ મુલાકાતે આવતા લાભાર્થીઓને પણ સમયાંતરે દસ્તાવેજ કરાવી લેવા માટે જાણ કરવામાં આવી છે. આ સ્થિતિ વચ્ચે અમુક લાભાર્થીઓ દ્વારા દસ્તાવેજ કરાવાના મામલે ગંભીરતા ન દાખવવામાં આવતા ૩૯૫ થી વધુ આવાસોના દસ્તાવેજો હજુ અધ્ધરતાલ છે. ગુડાની આ આવાસ યોજના અન્વયે લાભાર્થીઓ દસ્તાવેજ માટે ઉદાસીનતા દાખવતા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હવે નોટીસ આપવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ આ લાભાર્થીઓને નોટીસ આપી દેવામાં આવશે જેના અંતે નિયત સમયમાં દસ્તાવેજની પ્રકીયા પુર્ણ કરવાની રહેશે. તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.



ઓલમ્પિક ગોલમેડાલિસ્ટ નીરજ ચોપડા ગાંધીનગરના મહેમાન બન્યા છે. નેશનલ ગેમ્સ એક્ષ્પોના ઉદ્ઘાટન પ્રસંગે આ યુવા ખેલાડીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજ્યો હતો અને તેમને રમત-ગમત અંગેની વિવિધ માહિતી પુરી પાડી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા

**કુડાસણ, સે. ૪ માં બે-બે કેસ તેમજ સે. ૨૦માંથી એક કેસ નોંધાયો : જિલ્લાના કલોલ શહેરમાં આજે એક સાથે ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે ૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કેસોની વધ-ઘટ થઈ રહી હોવાથી અને લોકલ ટ્રાન્સમિશન સ્થિર થયુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોનાના નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાથી અને કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં લોકો જે બેદરકારી જે દાખવી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના કલોલ તાલુકામાં આજે ૩ એ કેસ નોંધાયા છે. કલોલ શહેરમાં ૩ એ કેસ અર્બન વિસ્તારમાં નોંધાયા છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આ કેસો મળતાં તંત્ર ચોંક્યુ છે. શહેરી વિસ્તારમાં કોરોનાની આ પુનઃ દસ્તકને પગલે સઘન સર્વેલન્સની કડક સૂચના આપવામાં આવી છે.

કલોલ શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૫ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૫૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોલવડા આવાસ યોજના અન્વયે હજુ પણ ૬૪ લાભાર્થીઓને મકાનની ફાળવણી બાકી

**વર્ષ ૨૦૧૦ માં ઝુંપડાવાસીઓને પાકી છત આપવા માટે નવા આવાસો બાંધવામાં આવ્યા હતા**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ઝુંપડાવાસીઓ માટે કોલવડા પાસે આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા જો કે હજુ દોઢ દાયકા જેટલો સમય વિતી ગયા બાદ પણ ૬૪ જેટલા આવાસોની ફાળવણી થઈ નથી.પ્રથમ તબક્કામાં ૬૧૬ લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવ્યા હતા જયારે બીજા તબક્કાની ફાળવણી બાદ પાણીની લાઈન તેમજ ટાંકીઓ સહીત ટોઈલેટ બ્લોકનુ રીનોવેશન પણ કરવામાં આવ્યુ હતુ જયારે હાલમાં પણ આ આવાસ યોજના અન્વયે પુર્ણ રીતે લાભાર્થીઓને આવરી લેવાયા નથી.

ગાંધીનગરમાં ઝુંપડાવાસીઓ માટે કોલવડા પાસે આવાસો બાંધવામાં આવ્યા છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી વર્ષ ૨૦૧૦ માં આ આવાસો બાંધવાની કામગીરી પુર્ણ કરવામાં આવી હતી જયારે આ યોજના અન્વયે અંદાજિત ૮૦૦ જેટલા મકાનો તૈયાર કરાયા હતા ગરીબ ઝુંપડાવાસીઓને માથે પાકી છત આપવાના આશયથી તૈયાર કરાયેલા આ આવાસો અન્વયે પ્રથમ તબક્કામાં મકાનોની ફાળવણી કરવામાં આવી હતી જેના અંતે ૬૧૬ મકાનોનો કબજો લાભાર્થીઓને સોંપાયો હતો જયારે આ પૈકી ૬૦૮ આ આવાસમાં રહેણાંક શરૂ કર્યુ હતુ. જયારે બીજા તબક્કામાં ૧૨૮ ને આવાસની ફાળવણી કરવામાં આવી હતી. જયારે બાકી રહેલા ૧૮૪ મકાનોની ફાળવણી કરવા માટે પણ તંત્રએ ગતિવિધિઓ હાથ ધરી હતી પરંતુ લાંબ સમય વિતી જતા આ આવાસોમાં પાણીની ટાંકી પાણીની લાઈને તેમજ ટોઈલેટ બ્લોકનુ રીપેરીંગ કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી જયારે ઝુંપડાવાસીઓની આ આવાસ યોજનાને અનુલક્ષી તંત્ર દ્વારા સમારકામ અને જરૂરી રીનોવેશન પણ હાથ ધરવામાં આવ્યુ હતુ હાલની સ્થિતિએ આ આવાસ યોજનામાં અંદાજે ૭૩૬ લાભાર્થીઓનો વસવાટ છે. જયારે અન્ય બાકી રહેતા આવાસમાં અન્ય લાભાર્થીઓને ફાળવણી કરવાની પ્રકીયા બાકી છે. ઝુંપડાવાસીઓની આ યોજના અન્વયે ૬૪ લાભાર્થીઓને મકાન ફાળવવાના બાકી છે. આ ઝુંપડાવસાહતમાં જિલ્લા કલેકટર કચેરી કક્ષાએથી લાભાર્થીઓને મકાનની ફાળવણી કરવામાં આવે છે. શહેરના ઝુંપડાવાસીઓને માથે પાકી છત મળે તેમજ રહેવા માટે યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવા આશયથી કોલવડા પાસે આ આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે આ આવાસ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે આગામી દિવસોમાં બાકી રહેતા લાભાર્થીઓને પણ આવાસની ફાળવણી કરી દેવાશે. શહેરમાં એકબાજુ રેનબસેરા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com